# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ००७

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૦/૧૨/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# મુંબઇ ખાતે બાંગ્લાદેશના ડેપ્યુટી હાઇ કમિશનરે ચેમ્બરને બિઝનેસ એન્ડ કોમર્સના પ્રમોશન માટે સન્માનિત કર્યા

## બાંગ્લાદેશની આર્થિક વ્યવસ્થાને ઉપર લઇ જવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થયો છે : બાંગ્લાદેશના ડેપ્યુટી હાઇ કમિશનર મોહમ્મદ લુતફોર રહમાન

**સુરત.** મુંબઇ સ્થિત બાંગ્લાદેશ ડેપ્યુટી હાઇ કમિશન દ્વારા ગુરૂવાર, તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ મુંબઇ ખાતે બાંગ્લાદેશને સ્વતંત્રતાના ૫૦ માં વર્ષની આઝાદી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા, ગૃપ ચેરમેન અમિષ શાહ અને ચેમ્બરની કોન્સ્યુલેટ લાયઝન / ઇન્ટરનેશનલ બિઝનેસ ડેલીગેશન કમિટીના ચેરમેન હર્ષલ ભગત ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર દ્વારા સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સ્થપાયેલા ઉદ્યોગો તથા બાંગ્લાદેશ સહિત અન્ય દેશોના ઉદ્યોગો વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધે તે દિશામાં પ્રયાસ કરવામાં આવે છે. આથી આ કાર્યક્રમમાં બાંગ્લાદેશના ડેપ્યુટી હાઇ કમિશનર મોહમ્મદ લુતફોર રહમાન દ્વારા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીને બિઝનેસ એન્ડ કોમર્સના પ્રમોશન માટે સન્માનિત કરવામાં આવી હતી. આ અંગે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ અભિવાદન ઝીલી બાંગ્લાદેશના ડેપ્યુટી હાઇ કમિશનર મોહમ્મદ લુતફોર રહમાનનો આભાર વ્યક્ત કર્યો હતો.

બાંગ્લાદેશના ડેપ્યુટી હાઇ કમિશનર મોહમ્મદ લુતફોર રહમાને જણાવ્યું હતું કે, બાંગ્લાદેશની આર્થિક વ્યવસ્થાને ઉપર લઇ જવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી સંપૂર્ણ સહકાર મળ્યો છે અને ભવિષ્યમાં પણ આ સહકાર મળી રહે તેવી આશા તેમણે વ્યકત કરી હતી. ચેમ્બર થકી સમગ્ર દક્ષિણ ગુજરાત સહિત ગુજરાતના ઉદ્યોગોના ડેવલપમેન્ટ માટે સહકાર આપીશું તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.